**પાન નં. ૫**

**આરોપી તર્ફે ફરીયાદીની આંક–૪ની સરતપાસ લગત ઉલટ તપાસ વિ.વ.શ્રી જે.ડી.શાહ**

**સોગંધ આપ્યા**

એ વાત ખરી છે કે, ફરીયાદ અને સોગંધનામુ મે વાચી સમજી સહી કરેલ છે અને મે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ઉપર હુ આધાર રાખુ છુ. એ વાત ખરી છે કે, આરોપી શેનો ધંધો કરે છે તે ફરીયાદમા જણાવેલ નથી. હુ આરોપીને પાચેક વર્ષથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે, આરોપીએ ચોકકસ કઈ તારીખે નાણાની માગણી કરેલી તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે હાથ ઉછીની રકમ આપી તે બતાવતો કોઈ કરાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ચોકકસ કઈ તારીખે કેટલા ટુકડામા કેટલી રકમ આપેલી તે મારી ફરીયાદ તથા સરતપાસમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ પૈસા ચુકવવાનો વાયદો કરેલ હોય તેનુ કાચુ પાકુ લખાણ મારીપાસે નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી કયા માદયમથી ઉઘરાણી કરેલ તે પણ ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ કઈ તારીખે મને ચેક આપેલો તે ફરીયાદમા જણાવેલ નથી.

એ વાતની મને ખબર નથી કે રુપીયા વીસ હજારની ઉપરની રકમ એકાઉન્ટ પે ચેકથી આપવી પડે. એ વાત ખરી છે કે, મારી પાસે નાણા ધીરવા માટેનુ કોઈ લાઈસન્સ નથી. એ વાત ખરી છે કે, મારી પાસે રુપીયા ચાર લાખ હાથ ઉપર હતા તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છા એ આ પુરાવો આજરોજ રજુ કરવા માગતા હોવાનુ જણાવી તેઓના ધંધાનુ ઈન્કમટેકસ બેલેન્સસીટ તથા રીર્ટન રજુ કરે છે જેને રજુ દાખલ આંક –૨૬ આપવામા આવે છે. એ વાત ખરી છે કે, આ રીર્ટન તા. ૧/૪/૨૨ થી તા.૩૧/૩/૨૩ નુ છે. એ વાત ખરી છે કે, હુ શુ ધંધો કરુ છુ તે ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, હુ દુધનો ધંધો કરતો હોવાની હકીકત આંક–૨૬વાળા દસ્તાવેજમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, દુધના ધંધામા કેટલી આવક જાવક થઈ તે આંક–૨૬વાળા દસ્તાવેજમા નથી. એ વાત ખરી છે કે, આંક–૨૬વાળા દસ્તાવેજમા તા.૩૧/૩/૨૨ના રોજ આરોપીને રુપીયા ચાર લાખ આપેલ હોવાનુ જણાવેલ છે. એ વાત ખરી છે કે,

ક્રિ.કે.નં.– પર૧પ/ર૦ર૪

આંક– ૪ નુ સાંધણ

મે મારી ફરીયાદમા આરોપીએ ર૦ર૩ની સાલમા મારી પાસે નાણાની માગણી કરેલ હોવાનુ જણાવેલ છે.

એ વાત ખરી નથી કે, આરોપીએ મારા વીરુધ્ધ ગોધરા તાલુકા પો.સ્ટે.મા વ્યાજખોરીની ફરીયાદ કરેલ છે. મને તકરારી ચેક બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે પે ઈ ના નામવાળા તથા ચેકની રકમ શબ્દોમા લખેલ અક્ષરો અલગ હોવાનુ જણાતુ નથી. આરોપી હાલ હોટલ ચલાવે છે. એ વાત ખરી છે કે, મારી માટે રુપીયા ચાર લાખની રકમ મોટી રકમ છે. એ વાત ખરી નથી કે, મે આરોપી પાસે ડરાવી ધમકાવીને ચેક મેળવેલ છે. એ વાત ખરી નથી કે, મને પુરી રકમ મળી ગયેલ હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

તા. ૨૨/૮/૨૦૨૫ મારી રૂબરૂ

દાહોદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

પ્રિન્સી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ.જયુડી.મેજી
દાહોદ

પ્રિન્સી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ.જયુડી.મેજી
દાહોદ